Public Notice

BY R. P. A. D NoJ /57/2024/U/S 47 /JtCC(H.O-I)/ 4670 /2025 Dt. 15.09.2025

OFFICE OF THE CHARITY COMMISSIONER, MAHARASHTRA STATE, MUMBAI.

Dharmadaya Ayukta Bhavan,
2nd Floor, Sasmira Building, Sasmira Road, Worli, Mumbai-400 030.

Application **No. 57 of 2024**
Under Section 47 of the Maharashtra Public Trust Act,1950.
In the matter of :- **"Shri Akhil Hind Shrimali Soni Mahamandal" .**
P.T.R. No. **A-1105 (Mumbai).**

Mr.Sevantilal Shivlal Champaneri & 06 Others ..... Applicants
V/S
Mr. Jamnadas Nakabhai Jsdia & 06 Others ..... Respondents

To,
3. Shri. Mohanlal Devchand Javeri
241, Mumbadevi Road, Bombay-2
4. Shri. Chhaganlal Dayalji
Bistupur, Jamshedpur
5. Shri. Natwarlal Shankarlal Manakawala
Bhawsar Road, Nadiad
6. Shri. Kalidas Premji
Sharaf Bazar, Jamnagar

TAKE NOTICE THAT Applicant above named have filed under section 47 of the Maharashtra Public Trust Act, 1950.

AND WHEREAS THE said matter has been fixed to show cause and filing your appearance and for filing your statement, if any, either yourself or through an advocate in this office **on 29th day of October, 2025 at 11.00 a.m.** before **Joint Charity Commissioner (I), Maharashtra State, Mumbai.** On which day presence in person is necessary.

If no appearance or written statement is filed on your behalf by your Pleader or by someone by law authorized to act for you, the matter will be heard and decided ex-parte on the final date of hearing in your absence.

This Notice have Given under my Signature and seal of the Charity Commissioner, Maharashtra State, Mumbai Dated 15/09/2025

Seal

Yours Faithfully,
Sd/-
(Rajesh Rathod)
I/C Superintendent (J)
Oflice of the Charity Commissioner.
Maharashtra State, Mumbai.

Godrej Finance Limited

Godrej | FINANCE
A Godrej Capital Company

જાહેર સૂચના

માસ્ટર દિશાનિર્દેશ - રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની - સ્કેલ બેઝ્ડ રેગ્યુલેશન) દિશાનિર્દેશ, 2023 ના ફકરા 43 ના સંદર્ભમાં 'ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ' દ્વારા જાહેર સૂચના

ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ ("કંપની" અથવા "GFL") એ કંપનીઝ એક્ટ, 1956 (કોર્પોરેટ ઓળખ નંબર: U67120MH1992PLC065457) હેઠળ સમાવિષ્ટ એક પબ્લિક લિમિટેડ કંપની છે અને તે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (COR. નં: 13.00368) માં ડિપોઝિટ ન લેતી નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની ("NBFC") તરીકે નોંધાયેલ છે. GFL ની રજિસ્ટર્ડ ઓફિસ ગોદરેજ વન, પિરોજશાનગર, ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, વિક્રોલી (પૂર્વ), મુંબઈ - 400079, મહારાષ્ટ્ર ખાતે સ્થિત છે.

આથી સૂચના આપવામાં આવે છે કે, કામગીરી સંબંધિત કારણોસર કંપની વર્કઇઝી કોવર્કિંગ સ્પેસ, બીજો માળ, ક્રોસ રોડ બિલ્ડીંગ, જકુઝ રેસ્ટોરન્ટની ઉપર, આરપીજે હોટેલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ - 360005, ગુજરાત સ્થિત તેની શાખા ઓફિસને ઓફિસ નંબર 301, ત્રીજો માળ, આરકે આઇકોનિક, ટાવર એ, શીતલ પાર્ક, પુનીત નગર, બજરંગ વાડી, રાજકોટ - 360006, ગુજરાત ખાતે આ સૂચનાની તારીખથી 3 મહિના સુધીમાં ખસેડશે.

ગ્રાહકના તમામ પ્રશ્નો customercare@godrejcapital.com પર સંબોધી શકાય છે.

આ સંદર્ભમાં કોઈપણ સ્પષ્ટતા અથવા પૂછપરછ માટે આ સૂચનાની તારીખથી 30 (ત્રીસ) દિવસની અંદર કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસ પર શ્રી યોગેશ જૈન, ચીફ કમ્પ્લાયન્સ ઓફિસરને સંબોધિત કરીને અથવા gfl.compliance@godrejfinance.com પર સંબોધી શકાય છે.

હસ્તાક્ષર/-
ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ વતી

સ્થળ: મુંબઈ
તારીખ: 19.09.2025

'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' પખવાડીયાના ભાગરૂપે સુરત જિલ્લાના 'સ્વચ્છોત્સવ' હેઠળ માંગરોળ અને માંડવીમાં સ્વચ્છતા રેલી યોજાઇ

ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર સ્થળો ઉપરાંત પ્રવાસન, ધાર્મિક, ઔદ્યોગિક વિસ્તારો સહિતના સ્થળોએ જનભાગીદારીથી સ્વચ્છતા ઝૂંબેશ હાથ ધરાશે

જનાદેશ પ્રતિનિધિ, સુરત : મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિના અવસરે દેશભરમાં સ્વચ્છ ભારત મિશનના ૧૧માં વર્ષની ઉજવણી નિમિત્તે 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫'ને 'સ્વચ્છોત્સવ' તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજરોજ 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' પખવાડી યાના ભાગરૂપે સ્વચ્છતા અભિયાન સુરત જિલ્લાના 'સ્વચ્છોત્સવ' હેઠળ માંગરોળના પીપોદરા, જાખલા અને માંડવીના તરસાડાબાર ખાતે શાળાના બાળકોએ સ્વચ્છતા રેલીમાં જોડાઈને મારૂ ગામ સ્વચ્છ ગામ, મારી શાળા સ્વચ્છ શાળાના સંદેશના સાથે ગ્રામજનોને અનેરો સંદેશો આપ્યો હતો.

'સુરત જિલ્લાના ઓલપાડ બસ સ્ટેશન ખાતે 'સ્વચ્છોત્સવ' હેઠળ સ્વચ્છતા રેલી યોજાઇ

જનાદેશ પ્રતિનિધિ, સુરત : મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિના અવસરે દેશભરમાં સ્વચ્છ ભારત મિશનના ૧૧માં વર્ષની ઉજવણી નિમિત્તે 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫'ને 'સ્વચ્છોત્સવ' તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજરોજ 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' પખવાડીયાના ભાગરૂપે સ્વચ્છતા અભિયાન સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના બસ સ્ટેશન ખાતે જી.એ.સ.આ.ર.ટી.ના અધિકારીઓ તથા શાળાના બાળકોએ સાથે મળીને સ્વચ્છતા જાગૃતિ રેલીમાં જોડાયા હતા. આ અવસરે સૌએ પોતાનું ઘર, મહોલ્લા ગામને સ્વચ્છ રાખવા અને ગંદકી ન કરવાના શપથ ગ્રહણ કર્યા હતા.

'સહી પોષણ દેશ રોશન'ના સંકલ્પ સાથે થશે સુપોષિત ગુજરાતનું નિર્માણ

રાજ્યભરમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર સુધી ૮મો 'પોષણ માસ'ની મુખ્ય છ થીમ પર વિવિધ જનજાગૃતિની પ્રવૃત્તિઓ યોજાશે

રાજ્યને સુપોષિત બનાવવા, બાળકો, મહિલાઓ અને કિશોરીઓના પોષણ સ્તરમાં સુધારો કરવા રાજ્ય સરકાર કટીબદ્ધ

જનાદેશ પ્રતિનિધિ, સુરત : કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર મહિનાને 'પોષણ માસ' તરીકે ઉજવવામાં આવે છે આ વર્ષે તેનું આઠમું સંસ્કરણ યોજાઈ રહ્યું છે. સરકાર, નાગરીકો અને સંસ્થાઓના અથાગ પ્રયત્નોના પરીણામે પોષણ અભિયાન સાચા અર્થમાં જન આંદોલન બન્યું છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યનાં બાળકો, માતાઓ અને કિશોરીઓને વધુ સુપોષિત બનાવવા અનેક પોષણલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. આ વર્ષે દેશભરમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન પોષણ માસની ઊજવણી કરવામાં આવી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'સહી પોષણ દેશ રોશન'ના આહવાનને ચરિતાર્થ કરવા રાજ્ય સરકારે અનેક પોષણલક્ષી નવતર આયામો હાથ ધર્યા છે. ભારતને કુપોષણ મુક્ત બનાવવાની નેમ સાથે દેશભરમાં વર્ષ ૨૦૧૮થી દર વર્ષે માર્ચ-એપ્રિલ માસમાં 'પોષણ પખવાડિયું' અને સપ્ટેમ્બર માસમાં 'રાષ્ટ્રીય પોષણ માસ' ઊજવવામાં આવે છે. આ મિશનનો હેતુ દરેક નાગરીકના જીવનમાં તંદુરસ્તી અને સંતુલિત આહાર સુનિશ્ચિત કરવાનો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને મહિલા બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કુપોષણને નાથવા, બાળકો અને મહિલાઓના પોષણમાં સુધારો કરવાના હેતુથી અનેકવિધ નવતર પહેલો હાથ ધરવામાં આવી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, સામુદાયિક ભાગીદારીતા એમ બહુવિધ આયામો દ્વારા કુપોષણ નિવારવા માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે.

પોષણ માસ દરમિયાન મુખ્ય ૬ થીમ પર રાજ્યમાં ઊજવણી કરવામાં આવશે. જેમાં પોષણલક્ષી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને નાગરીકોને પોષણ અંગે જાગૃત કરવામાં આવશે.

૧) સ્થૂળતા અંગે જાગૃતિ- ખાંડ, મીઠું અને તેલના વપરાશ ઘટાડવો

સ્થૂળતા એ વૈશ્વિક ચિંતાનો વિષય બન્યો છે અને તેનાથી બચવા માટે જાગૃતિ કેળવવી અત્યંત આવશ્યક છે. આ માટે, આપણે આપણા આહારમાં ખાંડ, મીઠું અને તેલનો વપરાશ ઘટાડવા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. આ ત્રણેય ઘટકોનો વધુ પડતો ઉપયોગ શરીરના વજનમાં વધારો કરે છે, જેના પરિણામે હૃદયરોગ, ડાયાબિટીસ, અને હાઇ બ્લડ પ્રેશર જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધે છે. આ અંગે જનજાગૃતિની પ્રવૃત્તીઓ કરવામાં આવશે.

૨) પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ / પોષણ ભી પઢાઈ ભી

પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ એ બાળકના સર્વાંગી વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. આ કાર્યક્રમ અંતર્ગત 'પોષણ ભી પઢાઈ ભી' (????) પહેલ શરૂ કરવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને પૌષ્ટિક આહારની સાથે સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાનો છે. આ કાર્યક્રમ બાળકોના શારીરિક, માનસિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસને સુનિશ્ચિત કરે છે. આ પહેલ હેઠળ, આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને રમત-ગમત આધારિત શિક્ષણ અને સંતુલિત આહાર અપાય છે.

૩) સંયુકત પગલાં અને ડીઝીટલાઈઝેશન

પોષણની કામગીરી પર સર્વાંગી રીતે ધ્યાન કેન્દ્રિર્દત કરવા માટે આરોગ્ય, શિક્ષણ, કૃષિ, મહિલા અને બાળ વિકાસ, પર્યાવરણ જેવા વિભાગો સાથે મળીને કામ કરવામાં આવે છે. સ્થાનિક સંસ્થાઓ, ફ્રન્ટલાઈન કાર્યકરો (આંગણવાડી, આશા), શાળાઓ અને સમુદાયો સાથે સંકલન કરી આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે. ઝડપ અને ચોકસાઈ વધારવા માટે કાગળ આધારિત ડેટાથી મોબાઈલ-એટ્ઝિમકેશન પોષણ ટ્રેકરમાં કામગીરી કરવામાં આવે છે.

૪) નવજાત શિશુ અને નાના બાળકોની ખોરાક પ્રથાઓ

નવજાત શિશુ અને નાના બાળકોની ખોરાક પ્રથાઓ બાળકના યોગ્ય વિકાસ અને પોષણ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. જન્મના પહેલા છ મહિના સુધી નવજાત શિશુ માટે ફક્ત માતાનું દૂધ જ સર્વોત્તમ આહાર છે. ત્યારબાદ છ મહિના પછી બાળકોને પૂરક આહાર આપવાની શરૂઆત કરવી જોઈએ. આ પ્રથાઓનું પાલન કરવાથી બાળકોને સુપોષીત બનાવી શકાશે. આ પોષણ માસમાં માતા-પિતાને આ બાબતે જાગૃત કરાશે.

૫) બાળકોના પોષણ અને સાર સંભાળમાં પુરૂષોની સહભાગીતા વધારવી

બાળકોના પોષણ અને સાર સંભાળમાં માત્ર માતા જ નહીં પરંતુ પિતા અને પરિવારના અન્ય પુરુષ સભ્યોની ભૂમિકા પણ અત્યંત મહત્વપૂર્ણ છે. પુરુષોની સક્રિય ભાગીદારી બાળકોના સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે. આનાથી પરિવારમાં પોષણ અને આરોગ્ય સંબંધિત નિર્ણયો લેવામાં સરળતા આવશે અને માતા પરનો ભાર પણ હળવો થશે. પિતા બાળકોની સંભાળ રાખવામાં સહભાગી થાય છે ત્યારે બાળકોમાં સુરક્ષાની ભાવના વધે છે અને તેમનો માનસિક અને ભાવનાત્મક વિકાસ વધુ સારો થાય છે.

૬) 'વોકલ ફોર લોકલ' ? સ્થાનિક ખાદ્ય પદાર્થો અને ખોરાક પ્રથાઓને પ્રોત્સાહન

'વોકલ ફોર લોકલ' એ આત્મનિર્ભર ભારતનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ પહેલ સ્થાનિક ખાદ્ય પદાર્થો અને પરંપરાગત ખોરાક પ્રથાઓને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકે છે. આપણા દેશમાં દરેક પ્રદેશમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારના પૌષ્ટિક અને સ્વસ્થ આહાર આધુનિક પ્રોસેસ્ડ ફૂડ કરતાં વધુ ફાયદાકારક છે. સ્થાનિક ખોરાકનું સેવન કરવાથી માત્ર શરીરને જ નહીં પરંતુ પર્યાવરણ અને સ્થાનિક અર્થતંત્રને પણ ફાયદો થશે.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સકારાત્મક પ્રયત્નો અને સમાજના સહયોગથી 'સ્વસ્થ અને સુપોષિત ગુજરાત' બનાવવાની દિશામાં પોષણ અભિયાન એક મજબૂત પગલું સાબિત થઇ રહ્યું છે.

ઋચા રાવલ

સંક્ષિપ્ત

સચીન GIDCથી ગુમ થયેલા સોનલદેવી ખેતાનની ભાળ મળે તો જાણ કરશો

સુરતઃ સચીન GIDC પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ ઘર નં.૨૦૪, શાંતિવન સોસાયટી, સિદ્ધિગણેશ, સચીન GIDC (મૂળ રહે. ગામ-હાજીપુર, જી.વૈશાલી, બિહાર) ખાતે રહતા રાજકુમાર ખેતાનના ૪૫ વર્ષીય પત્ની સોનલદેવી ખેતાન ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌરવર્ણ અને ઊંચાઇ ૫.૫ ફૂટ છે. તેમણે ક્રીમ ગાઉના, ગુલાબી અને નારંગી દુપટ્ટો પહેર્યા છે. કોઇને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચીન GIDC પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

પુણાગામથી રાજુ કુસ્વાહા ગુમ થયા છે

સુરતઃ પુણાગામ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ ઘર નં-૩૯, કિષ્નાનગર સોસાયટી, પીરની દરગાહની સામે, પુણાગામ (મૂળ રહે. ગામ-પાચેકા, જી-મુરેના, મધ્યપ્રદેશ), ખાતે રહેતા ૩૨ વર્ષીય રાજુ કુસ્વાહા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઇ ૬.૧ ફૂટ છે. તેમણે શરીરે કાળી શર્ટ અને વાદળી પેન્ટ પહેર્યા છે. કોઇને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણાગામ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

ખટોદરાથી ગુમ થયેલા પાયલ કટારાની ભાળ મળે તો જાણ કરશો

સુરતઃ ખટોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ નવી સિવિલ હોલ્મિટલ, ન્યુ મેડિકલ કોલેજ બિટિડંગની પાછળ, પ્રોફેસર ક્વાર્ટરની બાજુમાં આવેલ, ઓરડીમાં, ખટોદરા (મૂળ રહે. મકાન નં-૭૮૬, કુવાજાગર ગામ, જી-રતલામ, મધ્યપ્રદેશ) ખાતે રહતા સુરેશ કટારાના ૧૫ વર્ષીય પુત્રી પાયલ કટારા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઇ ૫.૦ ફૂટ છે. તેમણે શરીરે ગુલાબી ટોપ અને કાળી લેંગીસ પહેર્યા છે. કોઇને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ખટોદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

ડીંડોલીથી ગુમ થયેલા શિખા તિવારીની ભાળ મળે તો જાણ કરશો

સુરતઃશુક્રવારઃ ડીંડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૪૮, ચેતન નગર, નવાગામ, ડીંડોલી (મૂળ રહે. ગામ-જુળયપુરા, તા-હંડીયા, જી-પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ) ખાતે રહતા અમરીશકુમાર તિવારીના ૧૮ વર્ષીય પુત્રી શિખા તિવારી ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઇ ૪.૮ ફૂટ છે. તેમણે શરીરે ટી-શર્ટ અને લોવર પેન્ટ પહેર્યા છે.

રાજકોટમાં પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત ''લોક કલ્યાણ મેળા''નું આયોજન

જનાદેશ રાજકોટઃ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગ રૂપે શેરી ફેરિયાઓ માટે પીએમ સ્વનિધિ યોજના હેઠળ ''લોક કલ્યાણ મેળા''નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શેરી ફેરિયાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવી તેમના વ્યવસાયને ફરીથી શરૂ કરવામાં મદદ કરવાનો છે. તા.૨૦ અને ૨૨/૦૯/૨૦૨૫ના રોજ શ્રી મહાત્મા ગાંધી મ્યુઝિયમ, જ્યુબિલી ગાર્ડન ખાતે સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઇ ઢોલરીયાએ

વૃધ્ધ વિપ્ર દંપતી ને માતા પિતા તરીકે દતક લીધુ : જીવનભર પુત્ર બની સેવા નો સંકલ્પ કર્યો

જનાદેશ ગોંડલઃ માનવીય અભિગમ અને ઉદારતા માટે જાણીતા ગોંડલ યાર્ડ નાં ચેરમેન તથા જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઇ ઢોલરીયાએ ગોંડલ માં રહેતા અને આર્થિક નબળી પરિસ્થિતિ વચ્ચે સંઘર્ષ કરતા વૃધ્ધ બ્રાહ્મણ દંપતિ ને માતાપિતા તરીકે દતક લઇ શાસ્ત્રોકત પુજન સાથે પુત્ર તરીકે આજીવન ફરજ બજાવવા સંકલ્પ કરી સરાહનીય કાર્ય કર્યુ હતું.ગોંડલ નાં ખોડીયાર નગર માં રહેતા બ્રાહ્મણ જનકભાઇ જોશી ખાનગી હોલ્મિટલ માં કામ કરેછે.તેમના પત્ની પ્રતિભાબેન પારકા કામ કરી પતિને મદદરૂપ બને છે.આ વૃધ્ધ દંપતિ નાં જીવન ની કરુણતા એ હતી કે તેમનો એકનો એક યુવાન પુત્ર કિડની ની બીમારી માં મૃત્યુ પામ્યો. આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતા દિકરાની તમામ સારવાર કરી પણ કારગત ના નિવડી. આધારસ્તંભ સમો પુત્ર છીનવાઇ જતા વૃધ્ધ દંપતિ હતપ્રત બની ગયા હતા.દર્દ ને દિલ માં છુપાવી જીંદગી જીવવી પડતી હોય છે.આ દંપતિ પણ વૃદ્ધાવસ્થા માં પેટનો ખાડો પુરવા સંઘર્ષ કરી રહ્યુ હતુ. વૃધ્ધ બ્રાહ્મણ દંપતિ નાં સંઘર્ષ ની જાણ અલ્પેશભાઇ ઢોલરીયાને થતા તેમણે બ્રહ્મ સમાજ નાં પ્રમુખ જીતુભાઇ આચાર્ય નો સંપર્ક કરી આ વૃધ્ધ દંપતિ ને દતક લેવાની ભાવના વ્યક્ત કરતા જીતુભાઇ આચાર્ય એ તેમની લાગણી બીરદાવી વૃધ્ધ દંપતી ને રુબરુ મળી તમે ગુમાવેલો પુત્ર તમને અલ્પેશભાઇ સ્વરુપે પાછો મળી રહ્યો છે.તેવુ કહી ખોડીયાર નગર સ્થિત દંપતિ નાં નિવાસસ્થાને બધાને એકઠા કર્યા હતા.આ વેળા ભુવનેશ્વરી પીઠ નાં અધ્યક્ષ રવિદર્શનજી,જીતુભાઇ આચાર્ય, ગીરીશભાઇ રાવલ, કલ્પેશભાઇ વ્યાસ,

યોગેન્દ્રભાઇ જોશી, જીતુભાઇ પંડ્યા, પારસભાઇ જોશી, દિલીપભાઇ વ્યાસ, વીક્કીભાઇ મહેતા સહિત બ્રહ્મ અગ્રણીઓ ની હાજરી વચ્ચે શાસ્ત્રી નિખિલભાઇ જોષી એ વેદોક્ત મંત્રોચ્ચાર અને શાસ્ત્રોકત વિધિ સાથે અલ્પેશભાઇ ઢોલરીયા નાં હસ્તે વૃધ્ધ દંપતિ જનકભાઇ તથા પ્રતિભાબેન નું પુજન કરાવી બન્નેની આરતી ઉતારી સંકલ્પ કરાવતા અલ્પેશભાઇ એ પુત્ર બની આશિર્વાદ મેળવ્યાં હતા.અલ્પેશભાઇ ઢોલરીયાએ ભાવવિભોર બની કહ્યુ કે આજીવન હું આ માતાપિતા ની દેખભાળ સાથે સેવા કરીશ.હું એક સમયે મજુરી કરતો હતો.મારાં માતા પિતાનાં આશિર્વાદ થી આ સ્થાને પંહોચ્યો છુ.આજે જ્યારે બ્રાહ્મણ સ્વરુપા નવા માતા પિતા મેળવ્યાં છે.ત્યારે મારાં જીવન ને ધન્ય માનુ છે.આજે પવિત્ર એકાદશી છે.અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો જન્મ દિવસ છે.ત્યારે માતા પિતા તથા બ્રહ્મ સમાજ દ્વારા મળેલા આશિર્વાદ હું નરેન્દ્રભાઇ મોદી નાં સ્વાસ્થ્ય અને દિર્ઘઆયુ માટે અર્પણ કરુ છુ. અલ્પેશભાઇ ઢોલરીયા ની બ્રહ્મ સમાજ પ્રત્યે ની લાગણી તથા કર્તવ્ય ને લઇ ને રવિદર્શનજી આભાર વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે રાજકોટના મેયર બંગલે ધૂન-ભજન-કીર્તનનો કાર્યક્રમ

જનાદેશઃ રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાના નિવાસસ્થાને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસ નિમિત્તે એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. ભગવાન અનાદિ શ્રી કૃષ્ણનારાયણ બ્રહ્મ પેલેસ, કુકાવાવ ધામ પ્રેરિત શ્રી હરિ શરણાગતિ મંડળ, ફૂલવાડી ધામ રાજકોટ દ્વારા આ ધૂન-ભજન, કીર્તન અને સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આધ્યાત્મિક શક્તિ અને રાષ્ટ્ર કલ્યાણનો ભાવઆ કાર્યક્રમમાં ભારતની સંસ્કૃતિ, આધ્યાત્મિક શક્તિ અને વિશ્વ બંધુત્વના ભાવ સાથે સમાજ કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. કથાવાત દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘાયુની કામના કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રાદ્ધના શાસ્ત્રોક્ત પિતૃ તૃપ્તિ અને મોક્ષની મુક્તિના ઉપાયો પણ જણાવવામાં આવ્યા હતા, અને દેશ માટે કંઇક કરવાની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.સ્વદેશી અપનાવવા પર ભારમેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ તેમના વક્તવ્યમાં વડાપ્રધાનના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના મિશન પર ભાર મૂક્યો હતો. તેમણે લોકોને સ્વદેશી અપનાવવા માટે પત્રિકાઓ અને માર્ગદર્શન પણ આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આવનારા સમયમાં રાષ્ટ્ર માટે કાર્ય કરવા માટે સૌએ ઈર્ષા અને ગુમાન છોડીને એક થવું પડશે. સ્વદેશી જાગરણ મંચના સૌરાષ્ટ્ર પ્રાંતના કોષ પ્રમુખ વિનોદભાઇએ પણ આગામી સમયમાં રાષ્ટ્રના કલ્યાણ માટે સ્વદેશી જ એક માત્ર વિકલ્પ હોવાનું જણાવ્યું હતું.ઉપસ્થિત મહાનુભાવો અને આયોજકોઆ કાર્યક્રમમાં મેયર નયનાબેનનું સન્માન જશુબેન જાવિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી હરિ શરણાગતિ મંડળ, ફૂલવાડી ધામ પ્રેરિત રાજકોટ મંડળના વક્તા રતિલાલ જાવિયા, અગ્નિભાઇ કાચા, કાંતિ ભગત, ગુલાબ ભગત, વાસુદેવભાઇ જાવિયા, બાલકૃષ્ણભાઇ કાચા, જશુબેન જાવિયા, ભરતભાઇ પરમાર અને લક્ષ્મણભાઇ ભૂત, તેમજ સમર્પણ યંગ ગ્રુપ, જય સિયારામ મિત્ર મંડળ અને ભારત વિકાસ પરિષદ શ્રી રણછોડનગરના કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન લક્ષ્મણભાઇ ભૂત, ભરતભાઇ પરમાર, ચેતનભાઇ ઉંધાડ, મહેશભાઇ મીયાત્રા અને શ્રી હરિ શરણાગતિ મંડળના હરિભક્તોએ કર્યું હતું. વિનોદભાઇ પેઢડીયાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.